# સત્યશોધક સભા

## પ્રમોદચંદ્ર પાઠકજી આંતર-શાળા વકતૃત્વ સ્પર્ધા

આચાર્યશ્રી,

સાદર નમસ્કાર.

સત્યશોધક સભા ગુજરાતમાં અને તેમાંયે ખાસ કરીને સૂરત–દક્ષિણ ગુજરાતમાં વહેમ–અંધશ્રદ્ધા દૂર કરવા માટે કાર્યરત છે. સમાજ રેશનાલિઝમને સ્વીકારે તેવો સત્યશોધક સભાનો અભિગમ છે.

સત્યશોધક સભાની પુસ્તક અને મેગેઝિન પ્રકાશન પ્રવૃત્તિ ઉપરાંત વ્યાખ્યાનો, નિબંધ–વકતૃત્વ સ્પર્ધાઓ, ચર્ચા–સભાઓ, ચમત્કાર નિદર્શન જેવી પ્રવૃત્તિઓના ભાગ સ્વરુપ 'પ્રમોદચંદ્ર પાઠકજી આંતર શાળા વકતૃત્વ/નિબંધ લેખન સ્પર્ધા' પણ યોજવામાં આવે છે. આ વર્ષે પણ તે શેઠ સી. પી. એચ. બચકાનીવાલા વિદ્યામંદિર અને તેના આચાર્યા ડૉ. રીટાબેન ફુલવાલાના સહયોગથી નીચેની વિગતે યોજાનાર છે. તમને ખાસ વિનંતી કે તમારા વિદ્યાર્થી ભાઈ–બહેનોને તેમાં ભાગ લેવા માટે જરૂર મોકલશોજી. સ્પર્ધા દરમિયાન તમે અને તમારા શિક્ષક–મિત્રો હાજર રહી વિદ્યાર્થી–સ્પર્ધકો ઉપરાંત અમને પણ પ્રોત્સાહન આપશોજી.

**સ્પર્ધાની તારીખ અને સમય** : તા. ૧૧–૧–૨૦૨૩, બપોરે ૩.૩૦ કલાકથી

**સ્પર્ધાનું સ્થળ** : શેઠ શ્રી પી. એચ. બચકાનીવાલા વિદ્યામંદિર સભાગૃહ, ખરવર નગર, ખટોદરા, સુરત–૨.

### :: સ્પર્ધાની વિગતો ::

(૧) સુરત શહેરની કોઈપણ માધ્યમિક શાળા (ધો. ૯ થી ૧૨) બે સ્પર્ધકોને મોકલી શકશે.

(૨) સ્પર્ધાના વિષયો છે : ૧. વૈજ્ઞાનિક અભિગમ જ આપણો ઉદ્ધાર કરી શકે.

૨. વર્તમાનમાં અંધશ્રદ્ધાના બનાવો, અને તેના નિવારણના ઉપાયો.

૩. સમાજોદ્ધારક સાવિત્રી–જ્યોતિબા ફુલે

(૩) સ્પર્ધકે ઉપરના ત્રણ વિષયોમાંથી ગમે તે એક વિષય પર મહત્તમ પાંચ મિનિટ બોલવાનું રહેશે.

(૪) પ્રથમ વિજેતાને રૂા. ૫૦૦/–, દ્વિતિય વિજેતાને રૂા. ૪૦૦/– અને તૃતિય વિજેતાને રૂા. ૩૦૦/– નું રોકડ ઈનામ આપવામાં આવશે. દરેક વિજેતાને સત્યશોધક સભા પ્રકાશિત બે પુસ્તકો પણ ભેટ આપવામાં આવશે.

(૫) દરેક સ્પર્ધકને ભાગ લીધાનું પ્રમાણપત્ર આપવામાં આવશે.

(૬) નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

(૭) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી પૈકી ગમે તે ભાષામાં સ્પર્ધક એનું વકતવ્ય આપી શકશે.

(૮) સ્પર્ધકનું નામ, સરનામું, શાળાનું નામ, ધોરણની વિગતો સમાવતો પત્ર તા. ૯–૧–૨૦૨૩ સુધીમાં આચાર્યા ડૉ. રીટાબેન ફુલવાલા, શેઠ પી. એચ. બચકાનીવાલા વિદ્યામંદિરને મોકલવા વિનંતી.

**રીટાબેન ફુલવાલા**
આચાર્યા
શેઠ પી. એચ. બચકાનીવાલા વિદ્યાલય

**સૂર્યકાન્ત શાહ**
પ્રમુખ
સત્યશોધક સભા

**જાદવ વેકરિયા**
**ડો. સુષ્મા ઐય્યર**
મંત્રીઓ
સત્યશોધક સભા

જા.નં./૨૦૨૨/154
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
સુરત તા. ૩/૨/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી
સુરત જિલ્લાની તમામ માધ્ય. અને ઉ.મા. શાળાઓ તરફ.

ર/- જરૂરી જાણ અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ. સુરત.